# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-12-2025** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગિની સોનારા** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નગરપાલિકા ઓ-મહાનગરપાલિકાઓને વિકાસ કામો માટે બે હજાર 800 કરોડ રૂપિયાના ચેક અર્પણ કર્યા.
2) 22 ડિસેમ્બરથી ખેડૂતો તુવેરના વેચાણ માટે નોંધણી કરાવી શકશે-મંત્રીમંડળની બેઠકમાં રાજ્ય સરકારનો નિર્ણય
3) ગુજરાત વડી અદાલતનો ઐતિહાસિક ચુકાદો - હવે મુસ્લિમ વક્ફોએ પણ કોર્ટ ફી ચૂકવવી પડશે.
4) અમદાવાદ અને ગાંધીનગરની કેટલીક શાળાઓને બોમ્બથી ઉડાવવાની ધમકી - ગુના શાખાને તપાસ સોંપાઈ.
5) PM-KUSUM યોજના હેઠળ રાજ્યમાં ફાળવાયેલા ભંડોળમાં છેલ્લા ચાર વર્ષમાં 2 હજાર 843 ટકાનો વધારો.
6) ક્રિકેટમાં, ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે આજે ચોથો T-20 મુકાબલો

-----------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM SHAHERI VIKAS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે રાજ્યની મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓને વિકાસ કામો માટે 2 હજાર 800 કરોડ રૂપિયાના ચેક અર્પણ કર્યા. અમદાવાદમાં યોજાયેલા કાર્યક્રમમાં શ્રી પટેલે જણાવ્યું , શહેરી વિકાસ વર્ષ 2005ની બે દાયકાની સફળતાને પગલે આધુનિક શહેરી વિકાસમાં મોટું પરિવર્તન આવ્યું છે.

(બાઇટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

રાજ્યની 8 મહાનગરપાલિકાઓને કુલ 2 હજાર 132 કરોડ રૂપિયા તથા નવી રચાયેલી 9 મહાનગરપાલિકાઓને પ્રત્યેકને 40 કરોડ મુજબ કુલ 360 કરોડ રૂપિયાની રકમ માળખાકીય વિકાસ કામો માટે આપવામાં આવી. આ ઉપરાંત રાજ્યની 152 નગરપાલિકાઓને કુલ 308 કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . .

# CABINET MSP

રાજ્ય સરકાર આગામી સમયમાં તુવેરની ટેકાના ભાવે ખરીદી કરશે. ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી રાજ્ય મંત્રી મંડળની બેઠક બાદ માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું , તુવેરના વેચાણ માટે ખેડૂતો 22 ડિસેમ્બરથી 21 જાન્યુઆરી-2026 સુધી ઓનલાઇન નોંધણી કરાવી શકશે. ખેડૂતો ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે VCE મારફતે ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર ઓનલાઇન નોંધણી કરી શકશે તેમ શ્રી વાઘાણીએ ઉમેર્યું.

(બાઇટ : જીતુ વાઘાણી - પ્રવક્તા મંત્રી)

. . . . . . . . . . . . .

# HC WAQF

હવે મુસ્લિમ વક્ફોએ પણ કોર્ટ ફી ચૂકવવી પડશે. ગુજરાત વડી અદાલતે આજે આ ઐતિહાસિક ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું કે મુસ્લિમ વકફ બોર્ડ અને તેની સાથે જોડાયેલી સંસ્થાઓએ હવેથી અન્ય ધાર્મિક ટ્રસ્ટોની જેમ જ કોર્ટ ફી ચૂકવવાની રહેશે. આ સાથે જ વડી અદાલતે કોર્ટ ફીમાંથી મુક્તિ માગતી વકફોની આશરે 150 જેટલી અરજીઓને ફગાવી દીધી છે.

ચુકાદાને આવકારતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ચુકાદાને ન્યાયિક ક્ષેત્રે સમાનતા સ્થાપિત કરનારો ગણાવ્યો. જ્યારે કાયદા રાજ્ય મંત્રી શ્રી કૌશિક વેકરિયાએ કહ્યું, આ ચુકાદો બંધારણીય સમાનતાના મૂલ્યોને વધુ દ્રઢ કરે છે.

. . . . . . . . . . . . .

# BOMB THREAT

અમદાવાદ અને ગાંધીનગરની કેટલીક શાળાઓને આજે બોમ્બથી ઉડાવવાની ધમકી અપાઈ હોવાનું સામે આવ્યું હતું. જોકે તપાસ બાદ કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી ન હતી. આ અંગે પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું , ઈ-મેઈલ દ્વારા મળેલી ધમકી પર અમદાવાદ ગુના શાખાને તપાસ સોંપાઈ છે.

(બાઇટ : જીતુ વાઘાણી, પ્રવક્તા મંત્રી)

. . . . . . . . . . . .

# VB – G RAM G - BK REACTION

લોકસભામાં રજૂ કરાયેલા વિકસિત ભારત-રોજગાર અને આજીવિકા મિશન ગ્રામીણ ખરડો, 2025 ગ્રામીણ પરિવારો માટે 125 દિવસના વેતનની વૈધાનિક ગેરંટીનો પ્રસ્તાવ મૂકે છે . જેને લઇ ગ્રામીણ વિસ્તારમાં ખેડૂતોને , શ્રમજીવીઓને ખૂબ જ ફાયદો થશે . આ અંગે બનાસકાંઠા જિલ્લાની કોટડા ગ્રામ પંચાયતના સરપંચ પ્રકાશ ઠાકોરે પ્રતિક્રિયા આપી.

(બાઈટ : પ્રકાશ ઠાકોર - સરપંચ કોટડા ગ્રામ પંચાયત)

. . . . . . . . . . . . .

# BOTAD - SMUGGLING

બોટાદ જિલ્લાના બરવાળા શહેર ખાતેથી પોલીસે એમ્બરગ્રીસ એટલે કે, વ્હેલ માછલીની ઉલટીની દાણચોરી કરતા બે આરોપીઓને ઝડપી પાડ્યા છે.

અમારા બોટાદ જિલ્લાના પ્રતિનિધિના જણાવ્યા મુજબ ૭ ગ્રામ અને ૫૬૦ મિલીગ્રામ એમ્બરગ્રીસ, બાઇક અને મોબાઈલ મળી કુલ એક લાખ 78 હજાર 400 રૂપિયાના મુદ્દામાલ સાથે 2 આરોપીઓની અટકાયત કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ  આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.   વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# SIR 2025

રાજ્યમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા- SIR ઝુંબેશ પૂર્ણ થવાના આરે છે. બે દિવસમાં જ મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધ થશે. મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધ થયા બાદ, 19 ડિસેમ્બરથી 18 જાન્યુઆરી 2026 સુધી મતદારયાદી સબંધી વાંધા-દાવા રજૂ કરી શકાશે. જે ભારતના નાગરિક છે અને SIR પછી કોઇ કારણસર મુસદ્દા યાદીમાં નામ સામેલ નથી થયું તેવા નાગરિકો આધાર પુરાવા સાથે ફોર્મ નં.6 ભરીને મતદાર યાદીમાં નામ દાખલ કરાવી શકશે.

. . . . . . . . . . . . .

# DAMAN-GRAM SABHA

દમણ જિલ્લા પંચાયત દ્વારા ઘેલવાડ ગ્રામ પંચાયતમાં ગ્રામસભા યોજાઈ હતી. "સબકી યોજના-સબકા વિકાસ" ના ધ્યેયને ધ્યાનમાં રાખીને , ગ્રામસભાએ વર્ષ 2026-27 માટે ગ્રામ પંચાયત વિકાસ યોજનાની તૈયારી પર વિગતવાર ચર્ચા કરી. ગ્રામજનો પાસેથી વિકાસ સંબંધિત સૂચનો લેવામાં આવ્યા હતા , અને પ્રાથમિકતાઓના આધારે દરખાસ્તોનો સમાવેશ કરવા પર સર્વસંમતિ સંધાઈ હતી.

આ દરમિયાન કૃષિ, આરોગ્ય, શિક્ષણ અને અન્ય વિભાગના અધિકારીઓએ કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ લોક કલ્યાણકારી યોજનાઓની માહિતી પૂરી પાડી હતી.

. . . . . . . . . . . . .

# WEATHER

રાજ્યમાં આગામી 3 દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો વધારો થશે.અને ઠંડીનું જોર ઘટશે ,ત્યારબાદ પ્રદેશમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. નલિયા 10.4 ડિગ્રી સાથે સૌથી ઠંડો પ્રદેશ નોંધાયો છે. છેલ્લા 24 કલાકમાં અમદાવાદમાં 15 અને ગાંધીનગરમાં 14 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે.

. . . . . . . . . . . . .

# PM-KUSUM YOJANA

રાજ્યમાં વર્ષ ૨૦૨૨-૨૩ પછીના છેલ્લાં ચાર વર્ષમાં પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાઅભિયાન- PM-KUSUM યોજના હેઠળ ફાળવવામાં આવેલા ભંડોળમાં ૨૮૪૩ ટકાનો વધારો જોવા મળ્યો છે. અત્યાર સુધીમાં રાજ્યમાં  કુલ ૨ લાખ ૨૮ હજાર ૫૦૪ ખેડૂતોને આ યોજનાનો લાભ મળ્યો છે.

આ માહિતી નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા રાજ્ય મંત્રી શ્રીપદ યેસો નાઈકે રાજ્યસભામાં સાંસદ પરિમલ નથવાણી દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં આપી હતી.પીએમ-કુસુમ એ માંગ-આધારિત યોજના છે. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા પ્રાપ્ત થયેલી માંગ અને દર્શાવેલી પ્રગતિના આધારે ક્ષમતાઓ ફાળવવામાં આવે છે

. . . . . . . . . . . . .

# T20 CRICKET

**ક્રિકેટમાં, આજે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ચોથી T20 આંતરરાષ્ટ્રીય મેચ લખનૌના અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાઈ રહી છે. જોકે, લખનૌમાં વધુ ધુમ્મસના લીધે ટોસમાં વિલંબ થઈ રહ્યો છે.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# KUNVARBAINU MAMERU YOJANA

રાજ્ય સરકારની મહત્વની ‘કુંવરબાઇનું મામેરું ’ યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં ૫૨ હજારથી વધુ અનુસૂચિત જાતિની દીકરીઓને ૬૦ કરોડ રૂપિયાથી વધુની સહાય આપવામાં આવી છે. મહત્વનું છે કે , પુનઃલગ્નના કિસ્સામાં પણ દીકરીઓને આ યોજનાનો લાભ આપીને રાજ્ય સરકાર દ્વારા સુશાસનનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડ્યું છે. દીકરીના લગ્ન પ્રસંગે ૧૨ હજાર રૂપિયાની સહાય DBT દ્વારા સીધી લાભાર્થીના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે.

આ યોજનામાં શહેરી અને ગ્રામીણ બંને વિસ્તાર માટે ૬ લાખ રૂપિયાની આવક મર્યાદા નક્કી કરવામાં આવી છે. એક કુટુંબમાં વધુમાં વધુ બે દીકરીઓના લગ્ન માટે આ યોજનાનો લાભ આપવામાં આવે છે

. . . . . . . . . . . . .